# મહારાષ્ટ્ર સરકારે આદર્શ હેવાલ સ્વીકાર્યો

## રાહુલ ગાંધીના આક્રમક વલણ બાદ મહારાષ્ટ્ર સરકાર ઝૂકી

મુંબઈ,તા. ૨

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યા બાદ આખરે મહારાષ્ટ્ર સરકારે આદર્શ હાઉસિંગ કૌભાંડ અહેવાલને આંશિકરીતે સ્વીકારી લીધો છે. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. આદર્શ કૌભાંડ અહેવાલે ફગાવી દેવામાં આવ્યાના બે સપ્તાહ બાદ યુ ટર્ન લઈને મહારાષ્ટ્ર સરકારે અહેવાલની ભલમણો સ્વીકારી લીધી હતી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે રાજ્ય કેબિનેટની બેઠકબાદ પત્રકાર પરિષદને સંબોધતા આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે કેબિનેટ દ્વારા સુધારવામાં આવેલું વલણ અપનાવવામાં આવ્યુ છે. રાહુલ ગાંધીએ ગયા સપ્તાહમાં રાજ્ય સરકારના કમિશનના અહેવાલને ફગાવી દેવાના નિર્ણયનો વિરોધ કર્યા બાદ એક બાબત નિશ્ચિત થઈ ગઈ હતી કે મહારાષ્ટ્ર સરકાર પર દબાણ વધી ગયુ છે. મહારાષ્ટ્ર સરકારને આદર્શ હાઉસિંગ કૌભાંડ અહેવાલને હવે સ્વીકારી લેવો પડશે. આખરે દબાણ સમક્ષ ઝૂકીને આજે



મહારાષ્ટ્ર સરકારે ધારણા પ્રમાણે જ આદર્શ કૌભાંડ અહેવાલને સ્વીકારી લીધો હતો. ૨૭મી ડિસેમ્બરના દિવસે પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર સરકારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુકે અહેવાલમાં ધ્યાન આપવાની જરૂર છે. રાહુલ ગાંધીના નિવેદન બાદ સોનિયા ગાંધીએ પણ રાહુલના મતને ટેકો આપ્યો હતો. મહારાષ્ટ્ર સરકારે ૨૦મી ડિસેમ્બરના દિવેસ આદર્શ કૌભાંડ અંગે જ્યુડિશિયલ પંચના અહેવાલને ફગાવી દીધો હતો. એ જ દિવસે વિધાનસભામાં આ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટના નિવૃત્ત જજ જેએ પાટિલના નેતૃત્વમાં બે સભ્યોના પંચના અહેવાલમાં ચાર રાજકારણીઓ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કેટલાક અધિકારીઓને પણ અહેવાલમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આદર્શ હાઉસિંગ સોસાયટી મુંબઈમાં કો-ઓપરેટિવ સોસાયટી છે. આદર્શ હાઉસીંગ સોસાયટી આની શરૂઆત થઈ હતી. સંરક્ષણ સેવાના નિવૃત્ત થયેલા કર્મચારીઓના કલ્યાણ માટે હાઉસીંગ કોમ્પલેક્ષના નિર્માણ માટે મુબઈની વચ્ચોવચ જમીનની ફાળવણી કરવા મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને વિનંતી રાજકારણીઓ, અધિકારીઓ, લશ્કરી અધિકારીઓએ કાયદા કાનૂનોનો ખુલ્લો ભંગ કરીને અહીં ઈમારત બનાવી લીધી હતી અને પોતાની રીતે જ અગ્રણી જગ્યા પર કૃત્રિમરીતે કિમતો ઘટાડીને ફલેટની

### કેબિનેટે પૂર્વ મુખ્યમંત્રીઓને ક્લિનચીટ આપી દેતા વિવાદ

મુંબઈ,તા. ૨

મહારાષ્ટ્ર સરકારે સમગ્ર દેશને હચમચાવી મુકનાર આદર્શ હાઉસિંગ સોસાયટી કૌભાંડ અહેવાલને સ્વીકારી લેતા ઘણા અધિકારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. અનેક સામે મુશ્કેલીઓ વધી શકે છે. મહારાષ્ટ્ર સરકારે અહેવાલમાં દોષિત રાજકારણીઓને ક્લિનચીટ આપી છે. જે લોકોને ક્લિનચીટ આપી દેવામાં આવી છે તેમાં સ્વર્ગસ્થ વિલાસરાવ દેશમુખ, સુશીલકુમાર શિંદે, શિવારીરાવ પાટિલનો સમાવેશ થાય છે. ઉપરાતં એનસીપીના પ્રધાનો સુનિલ તત્કારે અને રાજેશ ટોપેને પણ ક્લિનચીટ મળી છે. જોકે ૧૨ અધિકારીઓના નામનો અહેવાલમાં ઉલ્લેખ છે. આ તમામને કાર્યવાહીનો સામનો કરવો પડશે. ૨૨ બેનામી લેવડદેવડમાં તપાસ કરાશે. નિવૃત્ત હાઈકોર્ટના જજ જેએ પાટિલના નેતૃત્વમાં બે સભ્યોના પંચના અહેવાલમાં ચાર પૂર્વ મુખ્યમંત્રી અશોક ચૌહાણ, સ્વર્ગસ્થ વિલાસરાજ દેશમુખ, સુશીલકુમાર શિંદે અને શિવાજીરાવ પાટિલને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કેટલાક અધિકારીઓને આ અહેવાલમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. પંચના અહેવાલમાં દોષિત ઠેરવવામાં આવેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રીને ક્લિનચીટ આપી દેવામાં આવી છે. મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે કહ્યુ છેકે ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ સામે કોઈ પણ કેસ સ્થાપિત થતો નથી જેથી તેમની સામે પગલા લેવાની જરૂર દેખાઈ રહી હતી. પૃથ્વીરાજ ચૌહાણે એમ પણ કહ્યુ છે કે સીબીઆઈ તમામ મામલામાં તપાસ કરવા માટે તૈયાર છે.

મુંબઈમાં કો ઓપરેટિવ સોસાયટી છે. ફેબ્રુઆરી ૨૦૦૨માં મૂળરીતે કરવામાં આવી હતી. સમયગાળો આગળ વધતા ટોચના ફાળવણી કરી હતી. વર્ષ ૨૦૧૧માં કેગે આ સમગ્ર મામલાનો પર્દાફાશ કર્યો હતો ત્યારબાદ દેશભરમાં હોબાળો મચી ગયો હતો. આ સમગ્ર મામલામાં ત્યારબાદ સીબીઆઈ, ઈડી, ઈન્કમટેક્સ દ્વારા તપાસ કરાઈ



હતી. ત્રણ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ સુશીલકુમાર શિંદે,વિલાસરાવ દેશમુખ અને અશોક ચૌહાણ પણ આ કેસમાં સામેલ હોવાનો આક્ષેપ કરાયો હતો. આદર્શ સોસાયટી હાઈરાઈઝ ઈમારત મુંબઈના કોલાબા વિસ્તારમાં બનાવાઈ હતી. આદર્શ અહેવાલના સંદર્ભમાં મહારાષ્ટ્ર સરકારે પૂર્વ મુખ્ય પ્રધાનોને ક્લિનચીટ આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે પરંતુ આવનાર દિવસોમાં આની સામે વાંધો ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે કારણ કે પંચના અહેવાલમાં દોષિત ઠેરવવામાં આવેલા પૂર્વ મુખ્યમંત્રીઓનો ક્લિન ચીટ આપવાની બાબત આશ્ચર્યજનક રહી છે. મહારાષ્ટ્ર સરકારે ૨૫ ફ્લેટના માલિકો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો છે. સોસાયટીના ફ્લેટની ફાવણી માટે આ ૨૫ લોકો ગેરલાયક જાહેર થયા છે. આ ૨૫ ફ્લેટ માલિકોમાં ભૂતપૂર્વ ડિપ્લોમેટ દેવયાની પણ સામેલ છે.

## એસી અને ફ્રીજની કિંમતમાં જંગી વધારો કરાશે : રિપોર્ટ

કોલકાતા,તા. ૨

એરકન્ડીશન અને રેફ્રિજરેટરની કિંમતમાં ટૂંક સમયમાં જ જંગી વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એસી અને રેફ્રીજરેટરની કિંમતમાં આગામી સપ્તાહ સુધીમાં ૩૫૦૦-૫૫૦૦ રૂપિયા સુધીનો વધારો થઈ જશે. ઉત્પાદન ખર્ચમાં વધારો થાય તેવા કઠોર એનર્જી રેટિંગના ધારાધોરણના પરિણામસ્વરૂપે એસી અને રેફ્રિજરેટરની કિમતમાં તીવ્ર વધારો થશે. ઉર્જા મંત્રાલયના નેતૃત્વ હેઠળ કામ કરતી વૈધાનિક એનર્જી કન્ઝર્વેશન બોડી બ્યુરો ઓફ એનર્જી એફિએન્સી (બીઈઈ) દ્વારા એક સ્તર સુધી એસી માટે એનર્જી ધારાધોરણને વધુ કઠોર બનાવી દીધા છે. આ ઉપરાંત બે લેવલ સુધી રેફ્રિજરેટર માટે એનર્જી ધારાધોરણને કઠોર બનાવી દીધા છે. આનો મતલબ એ થયો કે પ્રવર્મતાન આઈવસ્ટાર એસી જે સૌથી ઉર્જા એફિએન્સી ધરાવે છે તે ચાર સ્ટાર બનશે. જ્યારે ફાઈવસ્ટાર રેફ્રિજરેટર થ્રી સ્ટાર બનશે. ડ્યુરેબલ બનાવતી કંપનીઓએ કહ્યુ છેકે નવા અસરકારક સાથે સંબંધિત ધારાધોરણના લીધે એસીની કિંમતમાં ૯-૧૫ ટકા સુધીનો વધારો થશે. ફ્રોસ્ટફ્રી રેફ્રિજરેટરની કિંમતમાં પણ વધારો થશે. જો કે એક બારણાવાળા રેફ્રિજરેટરને આના કારણે કોઈ અસર થશે નહીં કારણ કે આ કેટેગરી માટે એનર્જી રેટીંગ ફરજિયાત કરવામાં આવ્યા નથી.

કોમોડિટીની કિંમતો અને ચલણના રેટ સ્થિર રહ્યા છે. નવા ધારાધોરણ એક વખતે અમલી બની ગયા બાદ ફાઈવસ્ટાર ૧.૫ ટનના સ્પ્લીટ એસીની કિંમત ૪૦ હજાર જશે જ્યારે ફાઈવસ્ટાર ૨૪૦ લીટર ફ્રોસ્ટફ્રી રેફ્રિજરીટરની કિંમત ૨૬ હજાર સુધી પહોંચશે જે હાલમાં ૨૦૫૦૦ની આસપાસ છે જ્યારે ૧.૫ ટનના સ્પ્લીટ એસીની કિંમત હાલમાં ૩૫ હજારની આસપાસ છે. ટુ સ્ટાર ૧.૫ ટનના એસીની કિંમત ૨૫૫૦૦થી વધીને ૨૯૦૦૦ થશે જ્યારે આવી જ રેટ વાળા ૨૪૦ લીટરના ફ્રોસ્ટ ફ્રી રેફ્રિજરેટરની કિંમત ૧૪૦૦૦થી વધીને ૧૮૦૦૦ થઈ જશે.

## વિદેશ જવાની મંજુરી આપવા સુબ્રતા રોયની કોર્ટમાં માંગણી

નવી દિલ્હી,તા. ૨

સહારા ગ્રુપના વડા સુબ્રતા રોયે બિઝનેસના હેતુસર વિદેશ જવાની મંજુરીની માંગ કરીને આજે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી દીધી હતી. મૂડીરોકાણકારોની મહાકાય રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલા સહારાના વડાને હજુ સુધી વિદેશ જવાની મંજુરી આપવામાં આવી રહી નથી. મૂડીરોકાણકારોને ૨૦ હજાર કરોડની રકમ ચૂકવવામાં સુબ્રતા રોય નિષ્ફળ રહ્યા છે. આજે તેઓએ સુપ્રીમ કોર્ટમાં વિધિવતરીતે અપીલ કરી હતી. જસ્ટીસ કેએસ રાધાકૃષ્ણન અને જેએસ ખેહરે કહ્યુ હતુ કે નવમી જાન્યુઆરીના દિવસે તેમની અરજી પર સુનાવણી કરવામાં આવશે. વરિષ્ઠ વકીલ સીએ સુંદરમ્ રોય તરફથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ત્રણ દિવસની અંદર નોટિસ ગાળાની અંદર તેઓ દેશમાં પરત ફરશે. તેમની દલીલો પર સુનાવણી ચલાવ્યા બાદ બેંચે કહ્યુ હતુ કે તે નવમી જાન્યુઆરીના દિવસે અરજી પર વિચારણા કરશે. સહારા ગ્રુપ પર સકંજો મજબુત કરીને સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૨૧મી નવેમ્બરના દિવસે રોયને રોકી દીધા હતા. તેમને વિદેશ જવાની મંજુરી આપી ન હતી. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે મૂડીરોકાણકારોની સંપત્તિ તેમને પરત મળે તે અતિ જરૂરી છે. સહારા ગ્રુપના વડા સુબ્રતા રોય સામે શ્રેણીબદ્ધ સમસ્યા રહેલી છે જેમાં કાયદાકીય ગુંચનો પણ સમાવેશ થાય છે. વિદેશ જવાની મંજુરી સુબ્રતા રોયને મળશે કે કેમ તેને લઈને હવે સુનાવણી હાથ ધરવામાં આવશે. નવમી જાન્યુઆરીના દિવસે સમગ્ર મામલો હાથ ધરવામાં આવશે.

## ઈન્ફોસીસ ભૂતપૂર્વ બોર્ડ મેમ્બર બાલા એએપીમાં

નવી દિલ્હી,તા. ૨

ઈન્ફોસીસના બોર્ડ મેમ્બર રહી ચુકેલા વી. બાલાકૃષ્ણન હવે આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. તાજેતરમાં જ તેઓએ ઈન્ફોસીસ સાથે તેમના ૨૨ વર્ષ જુના સંબંધ તોડી લીધા હતા. બાલાએ એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું છે કે આમ આદમી પાર્ટીના મેમ્બર બનવા માટે તેઓએ ૧૦ રૂપિયા આપ્યા છે. તેમણે મ પણ કહ્યું હતું કે આમ આદમીપાર્ટી કોઈ પણ આઈઆઈટિયન તરફથી શરૂ કરવામાં આવેલી સૌથી આદર્શ પાર્ટી છે. બાલાકૃષ્ણને કહ્યું હતું કે તેઓ દેશમાં થઈ રહેલા ફેરફારમાં તેઓસામેલ થવા માંગે છે. અત્રે નોંધનીય છે કે થોડાક દિવસ પહેલા જ ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના એપ્પલ કંપનીમાં કામ કરી રહેલા પૌત્રે નોકરી છોડીને આમ આદમી પાર્ટીમાં સામેલ થયા હતા. આમ આદમી પાર્ટી સાથે એકપછી એક સારા લોકો જોડાઈ રહ્યા છે તે અંગે વાત કરતા એચડીએફસીના ચેરમેન દિપક પારેખે કહ્યું હતું કે ભારતીય રાજનિતીમાં હવે એક નવા દોરની શરૂઆત થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે તેઓ બાલાને જાણે છે તેઓ ખુબ ઈમાનદાર અને સક્ષમ વ્યક્તિ છે. બાલાકૃષ્ણનના મેન્ટર અને ઈન્ફોસીસના વડા નારાયણમૂર્તિ પણ આમ આદમી પાર્ટીની પ્રશંસા કરી ચુક્યા છે. તાજેતરમાં જ એક મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર સફળતાથી સાબિતી મળે છે કે મતદારો એવી પાર્ટીને ગળે લગાવવા માટે તૈયાર છે જે ક્લીન્સ ગવર્ન્સની વાત કરે છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે આગામી વર્ષે નિવૃતિ બાદ બાલા ઈન્ફોસીસના સીઈઓના હોદ્દા માટે ઉમેદવાર રહેશે. પરંતુ તેઓએ આમ આદમી પાર્ટીમાં સામેલ થઈને તમામને ચોંકાવી દીધા છે. બાલાએ હાલમાં ચૂંટણી લડવા અને તેમની ભૂમિકા અંગે કોઈ વાત કરી નથી. તેમની કેજરીવાલ સાથે કોઈ વાત થઈ નથી. આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા દિન પ્રતિદિન સતત વધી રહી છે.

## મહારાષ્ટ્રમાં બસ ખીણમાં પડી : ૨૭ પ્રવાસીના મોત

નવી દિલ્હી,તા. ૨

મહારાષ્ટ્રમાં બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં મોતનો આંકડો આજે વધીને ૨૭ પર પહોંચ્યો હતો. ટ્રક સાથે અથડાઈ ગયા બાદ બસ ૧૨૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. પોલીસ અધિકારી રઘુનાથ યાદવે આજે માહિતી આપતા કહ્યુ હતુકે બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા આ બસ ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. મુંબઈથી આશરે ૧૬૦ કિલોમીટર ઉત્તરપૂર્વે સ્થિત ટ્યુરિસ્ટ સ્થળ માલસેજ ઘાટ નજીક આ બનાવ બન્યો હતો. શરૂઆતમાં આ બનાવમાં મોતનો આંકડો ૧૧ જણાવવામાં આવ્યો હતો પરંતુ મોડેથી મોતનો આંકડો ૨૭ ગણાવવામાં આવ્યો હતો. ઘણા મૃતદેહોને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. યાદવે કહ્યુ હતુ કે અન્ય ૧૦ લોકોને ઈજા થઈ છે જે પૈકી સાતની હાલત ગંભીર જણાવવામાં આવી છે.અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના સંદર્ભમાં વધારે માહિતી મળી શકી નથી તેમની ઓળખવિધિ પણ થઈ શકી નથી. પોલીસે ઓળખવિધિના પ્રયાસો હાથ ધર્યા છે. બચાવ અને રાહત કામગીરી તરફ હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## નરેન્દ્ર મોદી મેજિક : એનડીએમાં કેટલાક પક્ષો સામેલ થાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી પણ એનડીએના વિસ્તરણને લઈને આશાવાદી બનેલા છ. મોદીની વધતી લોકપ્રિયતાથી પ્રભાવિત થઈને ટુંક સમયમાં એનડીએમાં કેટલાક પક્ષો સામેલ થાય તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણીમાં કેન્દ્રમાં સત્તા કબજે કરવા અને વધુને વધુ સાથીઓને દરેક રાજયમાં એનડીએમાં જોડવાના હેતુથી આ કવાયત શરૂ કરવામાં આવી ચુકી છે. તમિળનાડુ અને આંધ્રપ્રદેશમાં કેટલાક પક્ષો એનડીએમાં સામેલ થવાની તૈયારી કરી ચુક્યા છે. જુલાઈ મહિનામાં નિતીશ કુમારના નેતૃત્વમાં જેડીયુ દ્વારા છેડો ફાડી લેવામાં આવ્યા બાદ જાન્યુઆરીના મધ્યમાં પ્રથમ વખત વિસ્તરણ કરવામાં આવનાર છે. જાન્યુઆરીના મધ્યમાં કેટલાક તહેવાર આવી રહ્યા છે. જેમાં બે દક્ષિણી રાજ્યોમાં પોન્ગલ અને સંક્રાતિનો સમાવેશ થાય છે. વેકોના નેતૃત્વમાં એમડીએમકે અને એસ રામદોસના નેતૃત્વમાં પીએમકે તમિળનાડુની બે પાર્ટી છે. આ બન્ને પાર્ટી એનડીએમાં સામેલ થનાર છે. જ્યારે આંધ્રપ્રદેશમાં ટીડીપી પણ ભાજપમાં સામેલ થઈ શકે છે. ભાજપને આશા છે કે તે તમિળ અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયકાંતને મનાવી લેવામાં સફળ રહેશે.વિજયકાંતે ડીએમડીએક પાર્ટીનુ નેતૃત્વ કર્યું છે. કોંગ્રેસ અને ડીએમકે દ્વારા વિજયકાંતને તેમની તરફ ખેંચવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભાવિ અજમાવવા માટે ભાજપે ચન્દ્રાબાબુ નાયડુ સાથે હાથ મિલાવવાની તૈયારી કરી છે. નાયડુ વર્ષ ૨૦૦૪ સુધી એનડીએ સાથે જ હતા. જગનમોહન રેડ્ડીની વાયેસઆર કોંગ્રેસના બદલે ચન્દ્રાબાબુ નાયડુ સાથે હાથ મિલાવવાની તૈયારી ભાજપ દ્વારા કરવામાં આવી છે. ભાજપના વરિષ્ઠ નેતા વેંકૈયા નાયડુ સીમાન્ધ્રના કેટલાક નેતાઓ સાથે સંપર્કમાં છે. ભાજપના બેનર હેઠળ કેટલાક નેતાઓને આવવા માટે કહેવામાં આવ્યું છે.

## આબુ ધાબી-ચેન્નઈ વચ્ચે ટૂંકમાં જ ડેઈલી ફલાઈટ

પ્રાઈવેટ કેરિયર જેટ એરવેજ આબુધાબીથી ચેન્નઈ સુધીની ડેઈલી ફ્લાઈટ સર્વિસ શરૂ કરવાની તૈયારીમાં છે. એક નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે આ નવી સર્વિસના કારણે ચેન્નઈને કેટલાક યુરોપિયન અને આફ્રિકન શહેરોને વાયા આબુધાબી મારફતે જોડી દેવામાં આવશે. જેટ એરવેજ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. એરલાઈન હાલમાં આબુધાબીથી નવી દિલ્હી, કોચી, મુંબઈ અને કુવૈતની દરરોજની ફ્લાઈટ ઓપરેટ કરે છે. જેટ એરવેજના અધિકારી ગૌરાંગ શેટ્ટીએ માહિતી આપતા કહ્યુ છે કે અમને વિશ્વાસ છેકે આબુધાબીથી ચેન્નઈ સુધીની દરરોજની સેવાથી લોકોને ફાયદો થશે. લોકો સીધી રીતે પોતાના સ્થળે પહોંચી શકશે. જેટ એરવેજ પોતાની માર્કેટ હિસ્સેદારીને વધારવા માટે હાલમાં ઘણા પગલા લેવાના મૂડમાં છે. અધિકારીએ કહ્યુ છે કે નવી સેવા ૧૬મી જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે. આબુધાબીથી ચેન્નઈની સેવા શરૂ કરવા માટે છેલ્લા ઘણા સમયથી લોકો દ્વારા માંગણી કરવામાં આવી રહી હતી આખરે જેટ એરવેજે આની નોંધ લીધી છે.

## એએપીને ગંભીરતાથી લઈને ભાજપ આગળ વધવા તૈયાર

નવી દિલ્હી,તા. ૨

હજુ સુધી આમ આદમી પાર્ટીની અવગણના કરી રહેલા ભાજપે પણ હવે તેને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. આમ આદમી પાર્ટીની જે રીતે નિતીઓ આગળ વધી રહી છે તે જોતા તમામ પાર્ટીને તેની ચિંતા સતાવી રહી છે. જો કે વધારે પ્રહાર હાલમાં કોંગ્રેસ પર કરવામાં આવી રહ્યા છે. ભાજપના નેતાઓ આમ આદમી પાર્ટીની સામે નિવેદન કરવા માંગતા નથી. પરંતુ તે આમ આદમી પાર્ટીની સામે પણ તેની નવી નિતી તૈયાર કરી રહી છે. દિલ્હીની જેમ થોડાકમાં સત્તાતી દુર રહેવુ ન પડે તેવી રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે. ભાજપના સુત્રોએ કહ્યું છે કે પાર્ટીમાં અનેક સ્તર પર આમ આદમી પાર્ટીની અસરને લઈને ચર્ચા ચાલી રહી છે. આવી સ્થિતીમાં પક્ષના ટોચના નેતાઓ હાલમાં તેમની સામે સીધી રીતે પ્રહાર કરવા માંગતા નથી. પક્ષના રાષ્ટ્રીય નેતાઓ આમ આદમી પાર્ટીની સામે વધારે નિવેદન કરી રહ્યા નથી. સુત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં આપને મુસ્લિમના મત પણ મળ્યા છે. સાથે સાથે મોટી સંખ્યામાં મહિલાઓએ તેમને મત આપ્યા છે. પાર્ટીના કેટલાક નેતાઓ માની રહ્યા છે કે દિલ્હીમાં ચૂંટણી પહેલા આંમ્બેડકર નગર રેલીમાં મોદીએ આમ આદમીપાર્ટીને ટાર્ગેટ બનાવીને નિવેદન કર્યું હતું. પરંતુ તેની પણ અસર જોવા મળી ન હતી. જેથી ભાજપના નેતા સીધી રીતે આપ પર પ્રહાર કરી રહ્યા નથી. ભાજપ હવે આપને કેન્દ્રમાં રાખીને નિતી બનાવી રહી છે. સુત્રોએ કહ્યું છે કે આપે હરિયાણામાં ચૂંટણી લડવાની જાહેરાત કર્યા બાદ જોરદાર રાજકીય ગરમી જામી છે. આવી સ્થિતીમાં ભાજપે હવે ઓમપ્રકાશ ચોટાલાની ઈન્ડિયન નેશનલ લોકદળ સાથે હાલ હાથ મિલાવવા જોઈએ. કારણ કે દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ કોલોનીના મત જીત્યા હતા પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં તેની કોઈ અસર જોવા મળી ન હતી. ભાજપ શહેરોમાં સારી પકડ ધરાવેછે અને ચોટાલા ગ્રામીણ વિસ્તારોમાં મજબુત સ્થિતીમાં છે. ભાજપ ચોટાલાના કારણે શહેરોમાં પોતાના મત બચાવી શકે છે અને ભાજપને લાભ મળી શકે છે.

## એલપીજી ભાવ વધારાને પરત ખેંચવાની માંગ

ચેન્નઈ,તા. ૨

તમિળનાડુના મુખ્યમંત્રી જે જયલલિતાએ આજે બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની કિમતમાં કરવામાં આવેલા વધારા બદલ કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે ભાવ વધારો લોકોની તકલીફને વધારશે. ભાવ વધારો પરત ખેંચવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી છે. કેન્દ્ર સરકારે બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૨૦ રૂપિયા સુધીનો વધારો બુધવારના દિવસે કર્યો હતો. કેન્દ્ર સરકારે નવા વર્ષના દિવસે એલપીજીની કિંમતમાં વધારો કરીને લોકો પર વધુ એક બોજ ઝીંકી દીધો છે. આવું કામ અગાઉની કોઈ પણ સરકારે ક્યારે પણ કર્યુ ન હતુ.

## સેન્સેક્સમાં ૨૫૨ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૨

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. ઈન્ટ્રા ડે દરમિયાન એક વખતે ભારે ઘટાડો થયો બાદ અંતે આંશિક રિકવરી થઈ હોવા છતાં મોટા ઘટાડા સાથે સેન્સેક્સ બંધ રહ્યો હતો. છ સપ્તાહની અંદર બેંચમાર્ક સેન્સેક્સમાં સૌથી મોટો ઘટાડો થયો હતો. તેમાં ૨૫૨ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. આની સાથે જ સેન્સેક્સે ફરી એકવાર ૨૧૦૦૦ની સપાટી ગુમાવી હતી. પ્રોફિટ બુકિંગને લઈને અફડાતફડી રહી હતી. ઈન્ડેક્સમાં સતત બીજા સેશન્સમાં ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની હાલત કફોડી રહી હતી. ઘણા સેક્ટરલ ઈન્ડેક્સમાં કડાકો બોલી ગયો હતો જેમાં રિયાલિટી, કેપિટલ ગુડ્સ અને પાવરનો સમાવેશ થાય છે. આઈટીસી, લાર્સન એન્ડ ટુબ્રો, આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવા મોટા શેરોએ સેન્સેકસને નીચી સપાટીએ લઈ જવામાં ભૂમિકા ભજવી હતી. ભેલ, તાતા પાવર અને કોલ ઈન્ડિયાના શેરમાં પણ ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં આજે અફડાતફડી જોવા મળી હતી. શરૂઆતમાં સેન્સેક્સ તેજી સાથે ખૂલ્યો હતો અને એક વખતે તેમાં ૨૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. પરંતુ બપોર બાદ ઘટાડાનો દોર શરૂ થયો હતો. અંતે સેન્સેક્સ ૨૫૨ પોઈન્ટ ઘટી ૨૦૮૮૮ની સપાટીએ રહ્યો હતો. ૨૧મી નવેમ્બર બાદ સેન્સેક્સમાં આ સૌથી મોટો ઘટાડો છે. ૨૧મી નવેમ્બરના દિવસે સેન્સેક્સમાં ૪૦૬ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. બે સપ્તાહ બાદ સેન્સેક્સ ફરી એકવખત ૨૧૦૦૦ની નીચે પહોંચ્યો છે. નિફ્ટીમાં પણ આજે ભારે અફડાતફડી રહી હતી. નવા વર્ષના પ્રથમ દિવસે ગઈકાલે શેરબજારમાં કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. સેન્સેક્સ ૩૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧૧૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨ પોઈન્ટ ઘટીને ૬૩૦૨ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે કારોબારની શરૂઆત સારી રહી હતી પરંતુ દિવસદરમિયાન ઉદાસીનતા જોવા મળી હતી. ઉદાસીન સત્રના અંતે કારોબાર ફ્લેટ રહ્યો હતો. ચાવીરૂપ બેંચમાર્ક ઈન્ડેક્સ ફ્લેટ રહ્યા હતા. મંગળવારના દિવસે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યુ હતુ કે આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝમાં નવેમ્બર મહિનામાં માત્ર ૧.૭ ટકાનો વધારો થયો છે. આવા આંકડાના કારણે ગઈકાલે નિરાશા રહી હતી. એશિયન બજારોમાં નવા વર્ષના દિવસે કારોબારમાં રજા રહી હતી. સેન્સેક્સ દિવસની ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ તેમાં મોટો ઘટાડો થયો હતો. શેરબજારમાં મોટો ઘટાડો થતા અફડાતફડી જોવા મળી હતી. તીવ્ર વેચવાલીનું મોજુ આજે જોવા મળ્યુ હતુ. સેન્સેક્સ એક વખતે ઈન્ટ્રા ડે દરમિયાન ૨૧૩૩૧ની ઉંચી સપાટી અને ૨૦૮૪૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી ૮૧ પોઈન્ટ ઘટીને ૬૨૨૧ની સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૭૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨.૦૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં રિયાલિટી ઈન્ડેક્સમાં ૩.૦૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. ભેલના શેરમાં સૌથી વધુ ૩.૪૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.